વતી કોઇ ફેરફાર કે ખર્ચ પ્રમોટર દ્વારા કરવામાં આવે તો તે અંગેનો સંપુર્ણ વધારો પ્રમોટર એલોટી પાસેથી લેવા હક્કદાર રહેશે અને તેવા કારણોસર વધારો આથી એલોટી પ્રમોટરને ચુકવવાનું કબુલ કરી બાંહેધરી આપે છે.

(૧૬) એલોટી દ્વારા પ્રમોટરને ઉપર પેરા-૨ માં નક્કી થયા મુજબ પેમેન્ટની ચુકવણીમાં જે ચેક/ડ્રાફ્ટ આપવામાં આવશે તે ''અરિહંત બિલ્ડકોન'' એક ભાગીદારી પેઢીની તરફેણમાં ચુકવવાનો રહેશે. જો એલોટી નિર્ધારીત સમયમાં ચુકવવાપાત્ર રકમ ચુકવવામાં ઢીલ કરે તો ચુકવવાપાત્ર રકમ ઉપર વાર્ષિક ૧૮ ટકા લેખે વ્યાજ ચુકવવા એલોટી જવાબદાર રહેશે. પરંતુ સોદો રદ કરવો કે વ્યાજ વસુલવુ તે અંગેનો નિર્ણય કરવાનો હક્ક પ્રમોટરનો રહેશે.

(૧૭) જી.એસ.ટી., કરવેરા તથા અન્ય વેરાઓ વિગેરે જે પ્રમોટરને બાંધકામ સંબંધિત ચુકવવાના હોય તે પ્રમોટર કહે તે પ્રમાણે એલોટીએ જુદા ચુકવવાના રહેશે. તમામ પ્રકારના બાંધકામ સંબંધિત કરવેરાનો વેચાણ આપેલ મિલકતની વેચાણ કિંમતમાં સમાવેશ થશે નહીં.

(૧૮) પ્રમોટરને યુનિટમાં ઇલેક્ટ્રીફીકેશન (જેમાં વાયરીંગ, અને સ્વીચ બોર્ડનો સમાવેશ થઇ જાય છે), તેમજ ગ્રેનાઇટનું કિચન, વિટ્રીફાઇટ ટાઇલ્સ (ફ્લોરીંગ), પ્લમ્બીંગ, એલ્યુમિનિયમની સ્લાઇડીંગ બારીઓ, દિવાલો ઉપર બિરલાપુટ્ટી, દાદરની રેલીંગ, અન્ડર ગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીના ટાંકા આપેલ છે તેમાં પ્રમોટર કાયદાની જોગવાઇ મુજબ સાધારણ ફેરફાર કે પરિવર્તન કરી શકશે અથવા એલોટીને જરૂર જણાયે તે મુજબ સામાન્ય ફેરફાર કે પરિવર્તન પણ એલોટી પ્રમોટરની સંમતિ લઇ અને તે અંગેનો વધારાનો ખર્ચ ચુકવી ફેરફાર કે પરિવર્તન કરી શકશે. ફ્લોરીંગ, સેનેટરી, ફીટીંગ તથા અન્ય સુવિધાઓની સામગ્રી પ્રમોટર પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે તથા આઇ.એસ.આઇ.ના સ્ટાન્ડર્ડવાળી ઉપયોગ કરશે. જે તમામ ફિક્ચર્સ વિગેરેની માહિતી, ક્વોલીટી તથા કઇ કઇ વસ્તુ પ્રમોટર ફિક્ચર્સમાં આપશે તે વસ્તુઓ બાબતે સંપુર્ણ માહિતી પ્રમોટરે એલોટીને આપેલ છે અને તેનાથી એલોટી સંતુષ્ટ થયેલ છે.

(૧૯) સામાન્ય સુવિધામાં તથા સામાન્ય વપરાશમાં તેમજ રાસુકા વપરાશના વિસ્તારમાં એન્ટ્રન્સ ગેટ, સીક્યુરીટી કેબીન, સીસીટીવી કેમેરા સાથેની સીસ્ટમ, કોમન ઈલેક્ટ્રીફીકેશન, કોમન એરીયા જનરેટર વિગેરેને તમામ હેતુ માટે અવિભાજ્ય એકમ તરીકે સમજવામાં આવશે.

(૨૦) પ્રમોટર દ્વારા સહકારી મંડળીના કાયદા/કંપનીના કાયદા/ એસોસિએશન / મંડળીમાં પ્રમોટર યોજનાનું જે નામ આપે તે મુજબ યોજનાની નોંધણી માટે કાર્યવાહી કરવામાં આવે ત્યારે તથા તેની નોંધણી માટે અરજી/ડેકલેરેશન તથા જરૂરી કાગળ એલોટીને મોકલવામાં આવે ત્યારે એલોટીએ તમામ અરજી, સોગંદનામા, જરૂરી દસ્તાવેજો તેમજ કાગળો મોકલ્યેથી ૭ દિવસમાં સહી કરી પ્રમોટરને પરત કરવાના રહેશે. જેથી પ્રમોટર તે અરજી વિગેરેની કાર્યવાહી એલોટી સહિત યુનિટ હોલ્ડરોની સામાન્ય સંસ્થાની નોંધણી માટે યોગ્ય સમયમાં રજુ કરી શકે. જો સક્ષમ અધિકારી દ્વારા મુસદ્દારૂપી બાયલોઝ નિયમ કે નિયમનમાં ફેરફાર કરવામાં આવે તો એલોટી તેમાં વાંધા કે તકરાર લઇ શકશે નહીં અને તેવા નિયમો એલોટીને બંધનકર્તા રહેશે.

(૨૧) આથી એલોટી પાસેથી વ્યાજબી લેણાપાત્ર હોય કે, કોઇપણ આ કરારમાં જણાવેલી રકમ વસુલ કરવા કે, સરભર કરવા માટે એલોટી પ્રમોટરને આથી બાંહેધરી આપે છે અને તે માટે પ્રમોટરને અધિકૃત કરે છે. પ્રમોટર પોતાની વિવેક બુધ્ધિ અનુસાર તેવી કોઇપણ રકમ સરભર કે, વસુલ કરી શકશે અને તે બાબતે એલોટી કોઇ વાંધો, માંગણી કે, સુચના પ્રમોટરને આપી શકશે નહીં.

(૨૨) સમય આ કરારમાં એક અગત્યનું તત્વ છે. પ્રમોટરે પ્રોજેક્ટ સમયસર પરીપૂર્ણ કરવાનો રહેશે અને પ્રોજેક્ટ પરીપૂર્ણ થયેથી ઓક્યુપન્સી પ્રમાણપત્ર/કમ્પ્લીશન સર્ટીફીકેટ મળ્યાબાદ એલોટીને યુનિટનો કબજાની સોંપણી તમામ લેણી રકમ મળ્યેથી કરી શકશે તેમજ એલોટીઓના એશોસીએશનને સામાન્ય સુવિધાઓની સોંપણી કરી આપશે. પરંતુ એલોટીએ પણ નિયમીત રીતે પ્રમોટરને હપ્તાની રકમ તેમજ અન્ય દેવા પાત્ર રકમ સમયસર ચુકવી આપેલી હોવી જોઇએ. પરંતુ જો સંપૂર્ણ બાંધકામ પુરૂ થઇ ગયું હોય અને ઓક્યુપન્સી સર્ટીફીકેટ/ કમ્પ્લીશન સર્ટીકીકેટ મેળવવામાં સરકારી વહીવટ કારણોસર કે, અન્ય